वहीवटदार विरह.

संस्थान डाकोर

रचनार

જોશી નાથજી પુરૂષોતમ. ડાકોર.

તથા

પાઠક ઊમીઆશંકર મંછારામ.

દોહરો,

રાય મનોહર મર્ણથી, ઉપજ્યો શોક અથાગ;
તે કારણ આ વિરહ છે. કરવા દુઃખનો ત્યાગ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શેઠ અબદુલકરીમ આદમજી ડાકોર.

અમદાવાદ

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
અંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસમાં
નથુભાઇ રતનચંદ મારફતીઆએ છાપ્યો.

સંવત ૧૯૪૮—સન ૧૮૯૨.

કિંમત રૂ ૦-૧-૦.

सुचना.

સર્વે ભાઈઓને હું નમ્રતા પૂર્વક વિનંતી કરૂં છું કે
સંસ્થાન ડાકોર અને કણજરી ગામના વહીવટદાર યાને હુ-
નામદાર શ્રીમંત સરકાર રાવસાહેબ મનોહરરાવ ઊર્ફે બાબા
સાહેબ ગણપતરાવ ચાંગવેકર, સંવત ૧૯૪૮ ના આશાડ
શુદી ૪ ને વાર મંગળ તા. ૨૮ જુન સન ૧૮૯૨ ને રો-
જ ઈશ્વર ઈચ્છાએ સ્વર્ગવાસી થયા. અને તેઓ સાહેબનો
સ્વર્ગવાસ થવાથી તેમના કરેલા અત્યંત ઉપકારો અને લા-
યકી સંભાળી ગામ પરગણાની પ્રજા ઘણી દીલગીર થઈ.
તેથી તે શોકની શાંતી અર્થે તથા તેઓ સાહેબના નામની
યાદગીરી સારૂ આ લઘુ પુસ્તક રચ્યું છે. તા. ૨૫ જુલાઈ
સને ૧૮૯૨.

ली कर्त्ता.

वहीवटदार विरह.

સંસ્થાન ડાકોર

दोहरो.

વિઘ્ન વિનાશક વિનવું, હેતે જોડી હાથ;
બુદ્ધિ દે હું બાળને, ગવરી સુત ગણનાથ. ૧

सवैया छंद.

ડાકોરના જમીદાર મનોહરરાવ, અતી શાણા સિરદાર,
અદલ ન્યાય ઈનસાફ આપતા, રૈયતના પુરણ હિતકાર;
થયા સ્વર્ગ વાસી નાશીને ગયા, તજી પુરનો પરીવાર,
તારીખ અઠાવીશ જુન જાણું, માઠું થયું દીન મંગળવાર. ૧
નેકી ટેકી ઘણા વિવેકી લાયકી લેખી શકે ન લોક,
એવા સજનના મર્ણ થકી, જન મન હુતાશન પ્રગટ્યો શોક;
દેખી આ દિલગીરી ઝાઝી, સૌ મનનો તજવા ઉચાટ,
અલ્પમતિની કૃતિવડે આ, રચ્યું વિરહ વિસારા માટ.

मनोहर गणेशनी उत्पति विषे.

दोहरो.

ગાજી વહીવટદાર જે, ગોપાળ નાયક નામ;
જગંનનાથના પુત્ર એ, મુળ માલખેડ ગામ. ૧

દક્ષિણદેશ મહારાષ્ટ્રમાં, પુના પેઠી પાસ;
રાવ પેશવા આગળે, હતા ખાંનગી ખાસ. ૨
એ સીરદારે આવીને, આબાદ કીધું ગામ;
શ્રીરણછોડજી રાયનું, બાંધ્યું મંદિર ધામ. ૩
અઢારસેં ચોવીસમાં, આવી વસિઆ આંય;
મુકામ મંદીર આગળે, કર્યો કોટ છે જ્યાંય. ૪
પુત્ર તેમને ત્રણ હતા, જેષ્ટ મનોહર રાવ
વિશ્વનાથ દાજી બીજા, ત્રીજા ગોપીરાવ. ૫
જેષ્ટ પુત્રના દીકરા, નામે ગણપતરાવ;
સુત મનોહર તેમના, જેનો શ્રીધર ભાવ. ૬
મનોહર મહારાજને, પુત્ર નહીં તે માટ;
ગોપાળરાવને દત્ત લેઇ, તજ્યો મન ઉચાટ. ૭
ઓગણી ચુવાળીસમાં, કીધુ દત્ત વિધાંન;
વળી ઉપવીત ધરાવીને, આપ્યાં અતિશે દાન. ૮
મુળ વડીલના દીકરા, વિશ્વનાથ જે નામ;
પુત્ર પ્રાક્રમી તેમના, ગોપાળજી સુખ ધામ. ૯
સુત શાણા બે તેમના, ગુણીયલ ઘણા દયાળ;
નામે નારણરાવને, કૃષ્ણરાવ ગોપાળ. ૧૦
ઉર્ફે બાળા સાહેબ, કૃષ્ણરાવનું નામ;
તે સાહેબના પુત્રને, દત લીધા આ ઠામ. ૧૧
શાસ્ત્રયુક્ત લેઇ પુત્રને, સુખ ભોગવે બેશ;
ડંકપુરના ભુપતિ, બાબા સાબ ગણેશ. ૧૨
સ્વર્ગવાસી તેઓ થયા, તેથી શોક અથાગ;

જવાળા પ્રગટિ પૂરવીશે, સૌ દીલ્ન ઉઠી આગ. ૧૩

राग परज छंद.

મનોહરરાવના જેવારે, મળે ન જમીદાર એવારે. ટેક.
મનોહરરાવની છબી મનોહર, નીરમળ જેનું તંન;
નિરમળ ન્યાય કરે પોતે સૌનો, ટાળીને વિઘંન. મનોહર. ૧
મહા શ્રીમંત ગંભીર સ્વભાવે નેકી ટેકી સજન;
ગુણીએલ શાણાને વિવેકી ઉદાર જેનું મન. મનોહર. ૨
સર્વ ગુણ સલક્ષણ ડાહ્યા, બદન ચંદ્ર આકાર;
ભુપ અનુપમ ડાકોર ગામે, તેજતણા અંબાર. મનોહર. ૩
મુળ વતન મહારાષ્ટના પોતે દક્ષણી બ્રાહ્મણ જાત;
પુન્યવંતાને પરોપકારી, ઘણાક દેશમાં ખ્યાત. મનોહર. ૪
ત્રાંબવેકરના ઉતમ કુળમાં જન્મ થયો છે જ્યાંહ્ય;
સંવત અઢાર એકાણું સાલે, કારતક માસની માંહ્ય મનોહર. ૫
બાંળપણામાં લાયકી મેળવી, લાયક કીધાં કામ;
નિસ પક્ષપાતે ન્યાય કરેલ્લાથી, આશિષ દેછે ગામ. મનોહર. ૬
હિંમત જેની શું કહુ વરણવી, ડરતા નહીં કોઇ વાર;
આવતી આફત જેપર ઝાઝી, આણુતા પલકમાં પાર. મનોહર. ૭
હરેક કામમાં વાકેફ ભારી, કૃતિ અતિ વખણાય;
ભાગતા ભીડ ભયાનક ભારે, આપીને સારી સલ્લાય. મનોહર. ૮
મતિલાને તકરારી કજીઆ, ચુકવતા ધરી લાગ;
બુદ્ધિબળે બહુ જશ પામ્યા, કદી નહીં બદલાગ. મનોહર. ૯
જુઠા ચોર ચખારને લંપટ ફાંસીયા ઠૂસી જંન;

તેમજ શત્રુ સર્વેને કરતા, સુના પ્રમાણે વિધ્ન. મનોહર. ૧૦
સંસારમાં ઘણું સુખ ભોગવતા, વહીભત્ર અપરંપાર;
કસી વાતની ન્યુન્યતા નહોતી, પાળતા ધર્મ અપાર. મનોહર. ૧૧
માજીસ્ત્રેટી અધિકાર ભોગવીયો, રહીને ડાકોર ગામ;
પિતા મુવા પછી પોતે સંભાળ્યું, વહીવટદારનું કામ. મનોહર. ૧૨
કરી વહીવટને કીધા સુધારા, પ્રજા સકળને માટ;
મ્યુનીસીપાલ અને દવાખાનું, સ્થાપી તજાવ્યા ઉચાટ. મનોહર. ૧૩
વિદ્યા અર્થે વિદ્યાલયો બાંધી, વિધ વિધ રીતે વિશાળ;
અનેક પ્રકારની કેલવણી કીધી, લેઈ તેની સંભાળ. મનોહર. ૧૪
સદાવ્રત અહોનિશ અંપાયે ને, દુખીને આપતા દામ;
અનેક પ્રકારનું ધર્મજ કરતા, યથાયોગ્ય આપીને દામ. મનોહર. ૧૫
એવા શાણા સીરદાર સજનનો, કીધો પ્રભુએ કાળ;
અશાડ સુદી ચોથ પ્રભાતે, દુ:ખરૂપ ઉઠી ઝવાળ. મનોહર. ૧૬
ભાઈ હવે નહીં મળશે આવા, વહીવટદાર આ ગામ;
સેહેજ વાતમાં અડચણ પડશે, સરશે શાથી કામ. મનોહર. ૧૭
આફ્રત જ્યારે ભારે આવે ત્યારે, દેતા મદદ વિશેષ,
તેવી શું ભીડ પડી પ્રભુ તારે કે, તેડાવ્યા સુત ગણેશ. મનોહર. ૧૮
રૈયત ડાકોર ગામની સઘળી, પાડી બેઠી હડતાળ;
હાટે ઘાટે શોક ધરાવે, જાણે થયા પેમાલ. મનોહર. ૧૯
નામ સંભાળી નિસાસા નાંખી, રૂએ પ્રજા નરનાર;
દૈવ્યે આ દુ:ખ ક્યાંથી નાંખ્યું રાવ ગયા તજી દ્વાર. મનોહર. ૨૦
સર્વેના સુખદાતા ગયા તેથી, વિનવું સરજન હાર;
સુખ આપજો સ્વર્ગની માંહી, જે હતા ગુણ ભંડાર. મનોહર. ૨૧

अंतर लापीका दोहरा.

નાક ગયું ડાકોરનું, થએ ગનોહર મર્ણ;
જીવનપાળ જવા થકી, પડી પ્રજા પુર ઘર્ણું. ૧

રહ્યું ન પુરપર પ્રમુખ જન, શોક અતિ દિલમાંહ;
તક આ ભુંડી ટાળીકર, મળે સુખ જયગ આંહ. ૨

ललीत छंद.

જગતનાથરે કોપ શો થયો, પુરતણો ધણી લેઈ શું ગયો;
યમ તને ગમ્યું નાથ આ સમે, પુરપતિ વિના કેમરે ગમે. ૧
નશીબ આજથી દુઃખમાં પડયું, આગ ગરીબનું સુખ સૌ ખડયું;
જીવિત શા વડે ગાળીએ અમે, પુરપતિ વિના કેમરે ગમે. ૨
દુઃખ વિયોગનો ઘાત ના ખસે, દિવસ દોહલા કેમરે જસે;
વિવિધ રીતની વેદના દમે, પુરપતિ વિના કેમરે ગમે. ૩
કુયગ પડી પ્રભુ ખોટ એ તણી નહી મળે હવે એ વારે ધણી;
આતુળ દુઃખ આ જાયના ખમે, પુરપતિ વિના કેમરે ગમે. ૪
પુરજનો તણા પાળનારરે, ગુમકેમ કર્યા હે દયાળરે;
કરી શકે નકો સાય પુરમે, પુરપતિ વિના કેમરે ગમે. ૫

कुंडळीया छंद.

દુઃખદારૂણમાં પડી પ્રજા, થએ ગનોહર મર્ણ;
ભુપ સુખ સાગર ગએ, દબ્યા જનો કંઈ ઘર્ણ.
દબ્યા જનો કંઈ ઘર્ણ, શર્ણ પ્રભુ રાખ તમારે;
પડી પુર હડતાળ, સુજ ના પડે લગારે;
ગામ બધું ઝાંખું દીસે, વળી નહીં કો સુખમે;

એમ મનોહર ગર્યુંથી, પ્રજા પડી છે દુ:ખમે૦ ૧

मालिनी छंद.

ઈશ નિશ દિન જાચુ માહું તેં કેમ કીધું,
પુરપતિ તુજ પાસે તેડી વૈકુંઠ દીધું;
અરર અરર એથી મનમાં શોચ થાગે,
નથી નથી નથી થાતી દિલની શાંત લાએ. ૧
અધિક અધિક સાલે દુ:ખ દેહે અતિસે,
પુરપતી જઈ બેઠા ખાસ તે સ્વર્ગ વિષે;
નવ જઈ શકીએ ત્યાં, માર્ગ સુઝે નહીંરે,
જુજવઈ અતિ પીડે તેથી જાચું તહીંરે. ૨
ધર ધર ધર ધ્યાને વિનતી હે દયાળું,
કરકર કરૂણાને દિન જાણી કૃપાળુ;
નથી નથી ગળવાના લાભકારી પ્રજાના,
ઝટ ઝટ ઝટ દેતા, ફેંસલાએ ગજાના. ૩
જુલમ જરૂર થાતાં, કાળની જ્વાળ લાગી,
થઈ જન મન પીડા, જાણ્યું જે ઓથ ભાગી;
સરર સરર ચાલે, નીર આંખે અતિસે,
ઈશ અરજી માનો, શાંતી દયો પુર વિષે. ૪

स्वर्गवासी मत्ये प्रजानुं कहेवुं तथा विचार विषे.

मनहर छंद.

શાણા જમીદાર પોતે, અળગ કરીને પુર;
સિધાવ્યા સ્વર્ગે વિષે, શું વિચારી ઉરમાં;

જાણી નહીં પુર કેરી, થશે દશા કેવી ભાઈ,
ચાઈ ચાઈ આવ્યા પ્રીતે, કે ગયાછો દૂરમાં.
તમારા જવાથી નકી, ખરાબી થઈ છે ઘણી.
સુનું સુનું લાગે બધે, ગમે નહીં પુરમાં.
કઠણ હઈડું કીધું, કાળજુ ન ઘટે આવું,
નહી રેમ રાખી કસી, વસ્યા જઇ દુરમાં. ૧
વિદ્યાના વધાર નાર, ઘણુંતો મિરાજ ગણે;
કોણ હવે બીજ નીજ, ઉમંગથી વાવસે.
સુધરાઇ તણે હામે, થશે કુધરાઇ અહીં;
વીરોધી જનોના ચાતી, રૂડા લાગ ફાવસે.
થશે નહી કાંઈ કામ, લાગ મારી મન વીશે;
કોણ હવે પોકી દાવ, ધાર્યા પ્રાન ચાવશે.
હીંમત બાહાદુર ભુપ, વેરીને કરી દે ચુપ;
એવા જમીદાર થોડા, આ પુરમાં આવશે. ૨

रावसाहेब गोपाळराव मनोहरराव देश-मां हता तेमनुं आववुं अने जणावेली दिलगीरी विषे.

दोहरा.

રાય મનોહરનું થયું; મર્ણુ યાર જેવાર;

તે વેળા હાજર નહીં, હતા પુત્ર આઠાર,
દેશ હતા પોતા તણે, જનક પિતાને ઘેર,
પત્ર ગાંદગીનો સુણી, જરા ન કીધી દેર. ૨

કૃષ્ણરાવજી આવીયા, હતા સાથ ગોપાળ;
પુર પધારે સાંભળ્યું, થયો રાયનો કાળ. ૩
ચરચર ચિત દાઝે અતી, પણ ધરી ધીર અપાર;
દહન કીઆ વિધીવડે, કરી શાસ્ત્ર આધાર. ૪

घणुरे जीवो गोपीचंदजी ए राग.

પીતા પરાક્રમી માહરા, ગયા સ્વર્ગ ભુવનજી;
અણઅટતું આવું શું કર્યું, તમે ઘણું તનગનજી. પિતા. ૧
ભાગી ઉગર પિતા માહરી, તેથી છું હું અજાણજી;
નથી હું અતિશે અનુભવી, વળી નથી ઓળખાણજી. પિતા. ૨
ના જાણું રીત આ રાજની, અત્રે કામ વિસાળજી;
સુ સમજી મેલી સંચર્યા, નથી લાયક બાલજી. પિતા. ૩
શું કરવું સુઝે નહીં, અહીં નથી કોઇની સાયજી;
દિલગીર છું એથી ઘણો, મન મારૂં મુઝાયજી. પિતા. ૪
શો અપરાધ મારો પડ્યો, તજી ગયા દરબારજી;
સુન્ય લાગે ખાવા ધાય છે, વહે આંસુની ધારજી. પિતા. ૫
વિયેગથી આપ વિચર્યાં, વળ્યા પંથ વિશાળજી;
શિર આફતી આવી પડી, મેળો કેઈપેર થાયજી. પિતા. ૬
ઓ પ્રભુ માફ કરો મારા, પડયા જે ગુના હોયજી;
તમ વીણુ નથી મારે આશરો, સાયકે નહીં કોયજી. પિતા. ૭
પાય પડી પ્રભુને નમું, સદા જોડી બે હાથજી;
છો એવા ઠેકાણે ન મુકશો, મારા નિમંતા નાથજી. પિતા. ૮

स्वर्गवासीना सुखनेसारु स्तुति.

हरीगीत छंद.

ઓ ઈશ સુણુ જગદીસ વંદી, શીશ નામીને કહું,
શ્રીમંત મનોહર રાવને, દે સુખ વૈકુંઠમાં બહુ;
સૌ લોકને સુખ ઉપજે, એવા કરે ઉપાયજી,
વૈકુંઠમાં સુખ આપજો, શ્રીડંકપુરના રાયજી. ૧
કીસોર વસ્થામાં કર્યો, અભ્યાસ ઉર આનંદથી;
મન દેઈ મેળવ્યું જ્ઞાનને કોરે રહી કુછંદથી;
સૌ રાજ્યમાં કીરતી થઈ, પ્રખ્યાતીથી પંકાયજી;
વૈકુંઠમાં સુખ આપજો, શ્રીડંકપુરના રાયજી; ૨
ધિરજ ધરી કરી ધર્મશાળા પર્મ આણી પ્રીતને;
હિકમત ઉદાત્તે હજુરમાં, હરરોજ રૈયત હીતને;
નિશંક નિર્ભય ને મળે, નિત્ય નિત્ય નિરમળ ન્યાયજી;
વૈકુંઠમાં સુખ આપજો, શ્રીડંકપુરના રાયજી. ૩
વિવેકી નેકી ટેકી ગુણીગણ, ભાગ્યમાં ભરપુરથા,
ન્યાઈ કદર ચતુરાઇ દીલમાં ને અતિ વળી વિદ્વતા;
બહુ કુશળ રાજ્યસમાજમાં, સૌ કાજમાં કાબેલજી,
વૈકુંઠમાં સુખ આપજો, શ્રીડંકપુરના રાયજી. ૪
કીધો વધારો વિદ્વતાનો, પુર મહીં પોતે ગણ્યો;
તેમજ સુધારો બહુ કર્યો, સ્થાપન કરી સુધસભનો;
ચતુરાઇ કેરા કામથી લોકો, થયા ચીત ચાયજી;
વૈકુંઠમાં સુખ આપજો, શ્રીડંકપુરના રાયજી. ૫

શાણા ઘણા ગંભીર સ્વભાવે, ને હતી સુભ સભ્યતા;
લાયકી લોકો લેખતા મનમાં, હતી ઘણી મંગતા;
બહુ દાન દીધાં દીનને, ગણતાં ન તેહ ગણાયજી;
વૈકુંઠમાં સુખ આપજો, શ્રી ડંકપુરના રાયજી. ૬
ગુણીજન ઘણા કહુ નહીં ગણા, મહારાજ મનોહર મહી
એવા સજનના ગણુથી, ખુશાલી પ્રજાની ગઈ;
સૌકામ ઇનસાફે કરી એ, અદલ દેતા ન્યાયજી;
વૈકુંઠમાં સુખ આપજો, શ્રીડંકપુરના રાયજી ૭
જ્ઞાતા વિધાતા વિશ્વના, સુણજો અમારી પ્રાર્થના;
ધો સુખ વહીવટદારને, સ્વર્ગવાસમાં છે જાચના;
કરી શત્રુનો સંહાર પુઠે, સિહ રૂપે ધાયજી;
વૈકુંઠમાં સુખ આપજો, શ્રીડંકપુરના રાયજી. ૮
સંક્ષિપ્ત સજ્ઞા ઉચ્ચર્યો, અવશેષ તોય અતી રહી;
મતિ લેશ મારી લે થકી, કવિતા વિસે કીર્તી કહી;
ઓ ઈશ તેં કેમ ખોળીયા, ગઈ ગરીબ જનની સાયજી;
વૈકુંઠમાં સુખ આપજો, શ્રીડંકપુરના રાયજી. ૯

स्वर्गवाशीना शोकनी शांती अर्थे ईश्वरनी प्रार्थना.

अने

रावसाहेब गोपाळराव महाराजने आशिर्वाद विषे.

झुलणा छंद.

આજનો દિવસ છે અતિશે અંધારનો, કેમકે પુરપતિ સ્વર્ગ ચાલ્યા;

તે થકી સર્વનાં દિલડે દુઃખમાં ભુખ તજી સુખથી કોઈ ન ગાલ્યા
એ હતા સર્વના સુખ દાતા પીતા ખ્યાત હતી જુગગાં જેની ઝાઝી;
તે તણી દુરદશા જોઈ દીલ દાઝતું સર્વને શોકની પીડ બાઝી. ૧
પણ હવે એ પ્રભુ સાય થઇ સર્વને, આપ સુખ ઇશ આવાર ઝાઝું,
રાનના દત્તને ભાવથી દે પ્રભુ, તુજ ભંડારથી નાણું તાજું;
વળી આધક આપજે બુધિને ભળગાડું, ઝટ તડી શત્રુને જાય હણવા,
તે થકી થાય પુર ઉપરે સાયતા, જાણે પ્રજા પુરી ઓથ ગણવા. ૨

લાવણી.

ઓ લાલ યશો એ હાલ નથી કંઇ ગાલ, તજો પરનારી. એ રાગ.

ઓ હરી વાત કહુ ખરી મનોહરગરે, અર્થ કેમ સરે થયું બહુ ખોટું
હવે ડાકોર ગાગપર નથી મનુષ્ય કોઇ મોટું. ટેક.

ક્યાં મળ્યાં પૂર્વનાં પાપ કે લાગ્યો શ્રાપ થયું દુઃખ આરે;
પડી પુર વિયોગની જ્વાળ ગએ જમીદારે.
આણ ઘટતું કીધું ઇશ વંદુ હું શિશ કહું આવારે;
કેમ ખમી શકે પ્રજારંક અતિ દુઃખ ભારે.
હવે શો કરવો ઉપાય લાગી દિલ લાય મન મુંઝાય;
પ્રભુ કર સહાય જેથી સુખ થાય તે મેળવ જોડું. હવે. ૧
પ્રભુ સૃષ્ટીના સૃજનાર સુખદાતાર પીડ બહુ વીતી;
ભાગો આ અવસર પડી ભયાનક ભીતી.
મળે જેથી સાધન સર્સ કે આવે હર્ષ જનોના મનમે;
જે થકી કહાપો ટળે થાય સુખ તનમે.
માટે આપો કીરતાર, છોટા જમીદાર થાય હુંશીઆર,
ધીર ધરનાર ગુણભંડાર, તેને જઇ ભેટું. હવે. ૨

સાર્દુલ વિક્રડીત છંદ.

દેખું દેવ દયાળુ નાથ જગમાં વ્યાપી રહ્યા સર્વદા,
જાણો હાલ પ્રજાતણા પલપલે આનંદ કે આપદા;
આ શ્રી ડંકપુરે અતી દુ:ખ પડે છે યાદ તેની તને,
તે સંહારક આપજે કુશળતા રૂડા જમીદારને. ૧
સંભાળે નીજ રાજકાજ સઘળુ પામે અતિ વિદ્વતા,
ટાળે તાપ પ્રજા તણા વળી કરે, વેરી તણી હીણતા;
સુખી થાય વિશાળ ગાન ગહિમાં ઝાઝાં રૂડી રીતથી,
વાધો રાજ સમૃદ્ધિ વૃધી સુખદા પાળો પ્રજા પ્રીતથી. ૨
છે શ્રી ડંકપુરી ભલી જગતમાં ખ્યાતિ વીસે શોભતી,
તેમાં રાજકરો હરો હરનીશાં જેજે પીડાઓ થતી;
ચાલે પુન્ય પ્રવાહ રૂપ સરીતા, જેની સુકીર્તી ભરી,
જીવો શ્રી ગણપાળરાવ જગમાં આનંદથી યાં હરી. ૩

શાંતિ વિષે,

કુંડળીયા છંદ.

આ અવસર સુણજો તમે વાત વિવેકની યાર;
દીલ દિલગીર થાશો નહીં દુખ નવ ધરો લગાર.
દુ:ખ નવ ધરો લગાર જગતમાં સુખદુ:ખ સાથે,
ફરતા ફરતી મળે ઈશ નથી લેતો માથે.
અચળ સુખ નથી કોઈને બોલ્યું તેજ નિશ્ચે ખરે,
છેવટ સુખ આવી મળે ધરધીર તે અવસરે. ૧

સમાપ્ત.

आश्रयपत्र

શેઠ અબ્દુ કરીમ આદમજી.

મુ૦ ડાકોર.

લી૦ આપનો શુભેચ્છક કર્ત્તા

જત આપ નાની ઉમરના હતા ત્યારથીજ આપના ઘણા ઉમદા વિચારો અને સારી લાયકી છે તેમજ તેનો ઉપયોગ આપ ભલી રીતે કરીને વેપાર તથા વિધાને ઉતેજન આપોછો તેથી અમો ઘણા ખુશી છીએ.

બીજુ આપે આ સ્વર્ગવાસી મહારાજની યાગીરી સારૂ વિરહ રચના કર્યું તેથી આપ મુરબ્બીની વિધા ઉતેજન સહાયથી આ લઘુ પુસ્તક બહાર પાડ્યું છે.

ली० कर्त्ता.

નાથજી પુરૂષોત્તમ.